# Prime Minister’s meeting with President of European Council and President of European Commission

October 29, 2021

# યુરોપીયન કાઉન્સિલના પ્રેસિડન્ટ અને યુરોપિયન કમિશનના પ્રેસિડન્ટ સાથે વડાપ્રધાનની બેઠક

ઓક્ટોબર 29, 2021

વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી અને યુરોપિયન કાઉન્સિલના પ્રેસિડન્ટ મહામહિમ ચાર્લ્સ માઈકલ અને યુરોપિયન કમિશનના પ્રેસિડન્ટ ઉર્સુલા વોન ડેર લેયેને રોમમાં 16મી જી-20 બેઠક દરમિયાન એક સંયુક્ત બેઠક યોજી હતી.

વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી અને ઈયુના પ્રમુખોએ મે 2021માં ઈયુ+27 અને જુલાઈ, 2020માં 15મી ભારત ઈયુ સમિટના સ્વરૂપમાં ભારત-ઈયુ નેતાઓની બેઠકના સ્વરૂપમાં તેમના પરિણામલક્ષી વર્ચ્યુઅલ જોડાણોને યાદ કર્યા હતા. આ મુલાકાત દરમિયાન ભારત અને ઈયુના નેતાઓએ ભારત-ઈયુ સહકારની સમીક્ષા કરી હતી જેમાં રાજકીય અને સુરક્ષા સંબંધો, વ્યાપાર અને રોકાણ અને આર્થિક સહકાર તથા રોડમેપ 2025 આવરી લીધો હતો જેના પર ગઈ ભારત-ઈયુ સમિટ વખતે સહમતી સાધવામાં આવી હતી. તેમણે ક્લાઈમેટ ચેન્જ, કોવિડ-19 રોગચાળો અને બંને પક્ષના પરસ્પર હિતની સમકાલિન વૈશ્વિક અને પ્રાદેશિક ઘટનાઓને આવરી લીધી હતી.

ઈયુના નેતાઓએ રસીકરણમાં ભારતની ઉત્કૃષ્ટ પ્રગતિની નોંધ લીધી હતી અને ભારતને અભિનંદન પાઠવ્યા હતા.

**રોમ**
**ઓક્ટોબર 29, 2021**

DISCLAIMER: This is an approximate translation. The original is available in English on MEA’s website and may be referred to as the official press release.